# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


**તા.૦૫/૦૬/૨૦૨૫ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૬૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૦૮ લીટર દેશી દારૂ, ૨૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૧૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૪૩ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૬૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૭૬૩/૨૦૨૫**

**દાણીલીમડાઃ** ઇમરાનભાઇ હનીફભાઇ રીછડીવાલા (ઉ.વ.૪૦) (રહે. વાસી વાલા કમ્પાઉન્ડ નવી મસ્જીદ સામે નાડીયાવાડ જમાલપુર) એ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા બહેરામપુરા રીછડીવાલા કમ્પાઉન્ડ ખોડીયારનગર બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સામે ફાતીમા પ્રિન્ટ નામના ગોડાઉન ખાતેથી આરોપી વિજયભાઇ મતાઇ (રહે. ગુરુનાનાક એવન્યુ સોના પાર્ક સામે કુબેરનગર સરદારનગર) ઇમરાનભાઇ રીછડીવાલા પાસેથી કાપડના તાકાનો માલ કિમત રૂપિયા ૧૦,૮૬,૦૭૨/- ખરીદ કરી માલના નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.સોલંકી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૬૪/૨૦૨૫**

**ગુજરાત યુનિવર્સિટીઃ** નીલમબહેન ડો/ઓ જ્યોતીન્દ્રભાઇ દવે (ઉ.વ.૫૨) (રહે. સેટેલાઇટ કોમ્પ્લેક્ષ ફ્લેટસ માનસી સર્કલ પાસે વસ્ત્રાપુર) એ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૫/૨૦૨૫ સાંજના ૬/૩૦ થી તા.૦૪/૦૬/૨૦૨૫ કલાક ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આંબાવાડી પોલીટિકનીક કોલેજ પાસે ચિરાગ ફ્લેટસ ખાતેના પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના, ચાંદીના સિક્કા તેમજ સ્ટીલના નળ અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.જાડેજા ચલાવે છે.

**મંદિરમાંથી ચોરીઃ–** **સમાચાર યાદી નં.૭૬૫/૨૦૨૫**

**સાબરમતીઃ** યોગેશકુમાર જયંતીલાલ પટેલ (રહે. સીધ્ધી બંગ્લોઝ, ખોડીયાર માતાના મંદિર પાસે ન્યુ રાણીપ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૬/૨૦૨૫ બપોરના ૪/૧૫ વાગ્યા પહેલા સાબરમતી ન્યુ રાણીપ સીધ્ધી બંગ્લોઝ વિહત મેલડીમાતાના મંદિરમાંથી સોનાનું છત્તર કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.રાવ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૭૬૬/૨૦૨૫**

**ચાંદખેડાઃ** પુજાબહેન વા/ઓ મિતેશભાઈ સીકોતરા (ઉ.વ.૩૩) (રહે. મીરા મંગલ ફ્લેટ રેડીયો મિર્ચી ટાવર વેજલપુર) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૬/૨૦૨૫ રાતના ૧૧/૩૦ થી કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોંટેરા મેટ્રો સ્ટેશન ખાતે નીચેના પગથિયા નજીક પુજાબહેન સીકોતરાની નજર ચુકવી ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/– અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી